ગાંધીનગરમાં રેશનકાર્ડ મેળવવામાં નગરજનોને ધક્કા...!!

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહરમાં રેશનકાર્ડ મેળવવા માટે નગરજનોને ધક્કા ખાવા પડે છે. લાંબી લાંબી લાઈન થતી હોવાથી જે તે વ્યકિત આખો દિવસ વિતાવે તેમ છતાં રેશનકાર્ડ સમયસર મળી શકતું નથી. તહેવારો નજીક આવતા હોવાથી દરેકને નવા રેશનકાર્ડ સમયસર મળી રહે તેવી વ્યવસ્થા કરવા નગરજનોની ઉગ્ર માંગ છે.

રેશનકાર્ડની કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલતી હોવાનું નગરજનો જણાવી રહ્યા છે. દરરોજ ફકત ૬૦ જેટલા વ્યકિતઓને જ રેશનકાર્ડ મળે છે. ઝોનલ કચેરીએ આ કામગીરી સંભાળી છે. ચાર્જના જશુભાઈની બદલી દહેગામ કરવામાં આવી છે પરંતુ તેની જગ્યાએ કોઈ માણસ ચાર્જ સંભાળવા આવ્યો નથી. મધ્યમ વર્ગ, ગરીબ વર્ગ મોંઘવારીમાં સપડાયો છે ત્યારે રેશનકાર્ડની પરોજણ તેમને મુંઝવી રહી છે. દિવાળીના તહેવારોમાં નવા રેશનકાર્ડ દરેકને મળી જાય અને કલેકટર કચેરીએ ધક્કા ખાવા ન પડે તે માટે તંત્ર યોગ્ય વ્યવસ્થા ગોઠવે તેવી સ્થાનિકજનોની માંગણી છે.

ચિલોડામાં વિજ કરંટથી ૧૫ વર્ષીય કિશોરનું મૃત્યુ

ધો-૧૦માં અભ્યાસ કરતો કિશોર છુટ્ટા વાયરને પ્લગમાં નાંખવા જતો હતો

ચિલોડા, તા.૨

ચિલોડાના ગરીબ પરિવારના ૧૫ વર્ષીય યુવાનને પોતાના ઘરના છુટ્ટા વાયરને પ્લગમાં નાંખવા જતા કરંટ લાગતાં યુવાનને હોસ્ટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ રસ્તામાં જ યુવાન મોતને ભેટયો હતો. ગરીબ યુવાનના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષની પાછળની બાજુએ આવેલી વસાહતમાં રહેતા વિક્રમ ઉકાભાઈ કોંગસીયા (ઉ.વ.૧૫) મુળ-બારેજા જે ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો અને બંગડીનો વ્યવસાય કરીને જીવન ગુજારતા પરિવારનો કિશોર પોતાના ઘરમાં છુટ્ટા થઈ ગયેલા વાયરને પ્લગમાં નાંખવા જતાં છુટ્ટો જીવંત વાયર છાતીના ભાગે અડી જતાં વીજ કરંટ લાગતાં યુવાન નીચે પટકાયો હતો. યુવાનને પરિવારજનોએ તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પંરતુ તબિયત ગંભીર જણાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવી રહ્યા હતા તે દરમિયાન યુવાનનું રસ્તામાં જ મોત નિપજયું હતું. યુવાનના મૃત્યુથી ગરીબ પરિવાર પર જાણે આભ તુટી પડયું હતું. પરિવારજનો શોકમય બની ગયા હતા.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધી જયંતિએ રાષ્ટ્રપિતાને પુષ્પાર્પણ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૪મી જન્મજયંતિ નિમિત્તે આજ રોજ સવારે ૯ કલાકે વિધાનસભાના પ્રાંગણમાં આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી તેમજ પુષ્પહારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકા તેમજ શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા રાખવામાં આવેલ પુષ્પાર્પણ કાર્યક્રમમાં પ્રમુખ મુકેશભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીન ચેરમેન પ્રવીણભાઈ પટેલ, પક્ષના નેતા ચિમનલાલ વિંઝૂડા તેમજ નગર સેવક અશ્વિન વ્યાસ, હર્ષજીત પંડયા, હંસાબેન મોદી, અશોક શ્રીમાળી, હસમુખ મકવાણા, નામદેવ વર્સાત તેમજ શહેર જિલ્લા કોંગ્રેસ અગ્રણી કે.આર. પટેલ, તેજાભાઈ દેસાઈ ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરથી દાહોદ સુધીની મેમુ ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા કોંગ્રેસીજનો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને તેની આસપાસ વસતા રહીશોની વારંવારની દાહોદ સુધીની ટ્રેનનો ગતરોજ ગાંધી જયંતિએ અંત આવ્યો હતો. કોંગ્રેસ સરકારના રેલવે મંત્રી ભરતસિંહ સોલંકી દ્વારા ગાંધીનગરથી દાહોદ સુધીની મેમુ ટ્રેનને મંજુરી આપવામાં આવી હતી. જેને ગાંધીનગર શહેર જિલ્લા પ્રમુખ મુકેસ પટેલ, મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવીણભાઈ પટેલ અને પક્ષના નેતા ચિમનલાલ વિંઝુડાએ લીલી ઝંડી ફરકાવી ટ્રેનનું પ્રસ્થાન કરાવ્યું હતું.

ગાંધી જયંતિના શુભ પ્રસંગે પાટનગરને દાહોદ સુધીની મેમુ ટ્રેનની સુવિધા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા વારંવાર રજૂઆતને અનુલક્ષીને કોંગ્રેસ સરકારના રેલવે મંત્રી ભરતસિંહ સોલંકી દ્વારા આપવામાં આવી છે. જેને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ તેમજ પ્રજાજનો દ્વારા આવકારેલ છે. આ પ્રસંગે પક્ષના કોર્પોરેટર્સ તથા કાર્યકરો, હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કોન્ટ્રાકટરને પેનલ્ટી કરવી જોઈએ : કોંગ્રેસ

રાસ્કા (જીંજર) પંપહાઉસ ખાતે ૨૦૦ એમએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવનાર કોન્ટ્રાકટરે એક વર્ષ ત્રણ મહિનાનો વિલંબ કરતા પેનલ્ટી કરીને કોન્ટ્રાકટરને બ્લેકલીસ્ટ કરવાની માગણી મ્યુનિ. કોંગ્રેસ પક્ષે કરી છે.મ્યુનિ. કોંગ્રેસ નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે જેએનએનયુઆરએમ અંતર્ગત રાસ્કા (જંજીર) પંપહાઉસ ખાતે ૨૦૦ એમએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામ નાર્ગાજુન કન્ટ્રકશન તા. ૨૫.૯.૦૭થી કામ શરૂ કરવામાં આવ્યુંહતું. કરારપત્ર મુજબ કામની સમયમર્યાદા ૧૮ માસ ગણતાં તે કામ તા. ૨૪.૩.૦૯ના રોજ પૂર્ણ કરવાની હતી તેમ છતાં કામ તા. ૨૫.૧૨.૧૦ના રોજ પુરું કરી કમીશન કરવામાં આવ્યું એટલે કે ૧ વર્ષ અને ૯ માસનો વિલંબ થતા આ કામમાં કોન્ટ્રાકટર દ્વારા સમયમર્યાદામાં કામ નથી કરેલું. જેથી ટેન્ડરની શરત મુજબ રૂા. ૨.૬૬ કરોડની પેનલ્ટી કાપવામાં આવી છે.

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ૧૦ ટકા વળતરની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાનગરપાલિકાના મેયર અને અન્ય અગ્રણીઓ દ્વારા ખાદીની ખરીદી પણ કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

ગાંધીજયંતિ નિમિત્તે નશાબંધી સપ્તાહનો પ્રારંભ

નશાબંધી અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નાટક અને પ્રદર્શનોનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજયમાં મહાત્મા ગાંધીના જન્મ દિન નિમિત્તે ૨ ઓકટોબરથી ૮મી ઓકટોબર દરમિયાન નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહી છે. ગાંધીનગર જિલ્લામાં વિવિધ ધાર્મિક સંસ્થા અને શૈક્ષિક સંસ્થા, સામાજિક સંસ્થાઓના સહયોગથી વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા નશાબંધી સમિતિના અધ્યક્ષ પી. સ્વરૂપ અને જિલ્લા નશાબંધી સમિતિના મંત્રી આર.એસ. વસાવાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે ૨ ઓકટોબરથી ૯મી ઓકટોબર દરમિયાન ગાંધીનગર જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહે છે જે અંતર્ગત અડાલજ માણેકબા પીટીસી કોલેજમાં નશાબંધી સપ્તાહનું ઉદ્‌ઘાટન ૨ ઓકટોબરે યોજાયું હતું અને વક્તૃત્વ સ્પર્ધા, વ્યશન મુક્તિ પર ફિલ્મ શો તથા નશાબંધી પ્રદર્શન, નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. મધુર રેરી સેક્ટર-૨ પમાં કામદાર સંમેલન પ્રદર્શન યોજાયું હતું.

કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા ગામે આજે તા. ૩ ઓકટોબરે સવારે ૧૧ કલાકે મહેંદી હરિફાઈ, વક્તૃત્વ સ્પર્ધા, નશાબંધી વિશે ચિત્ર સ્પર્ધા, ગુલાબચંદ પટેલ કવિ લેખકનો વ્યસનો અંગે કાવ્ય અને કવ્વાલીનો કાર્યક્રમ યોજાશે. તથા રાત્રે ૯ કલાકે કલોલ તાલુકાના ધમાસણા ગ્રામ પંચાયત ખાતે નશાબંધી નાટક યોજાશે.

અડાલજની અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી કોલેજમાં તા. ૪થી ઓકટોબરે બપોરે ૨ કલાકે રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, 'નશો છોડો' નાટક તથા પ્રદર્શન યોજાશે.ચંદ્રાલા ગ્રામ પંચાયતમાં રાત્રે ૮.૩૦ કલાકે નશાબંધી નાટક યોજાશે.

કલોલના અંબિકાનગર કેમ્પસમાં પ્રભાતગીરી હરિગીરી ગોસ્વામી આર્ટ એન્ડ સાયન્સ કોલેજમાં સવારે ૯ કલાકે વક્તૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત અને નાટકનું આયોજન કરવામાં આવ્યું છે તથા દહેગામની ગણેશપુરા ગ્રામ પંચાયતમાં રાત્રે ૮ કલાકે નશાબંધી નાટક યોજાશે.

દહેગામ આઈ.ટી.આઈ. ખાતે તા. ૬ઠ્ઠી ઓકટોબરે બપોરે ૧ કલાકે વક્તૃત્વ સ્પર્ધા અને નશાબંધી અંગે પ્રદર્શન યોજાશે. તથા બદગુરા ગ્રામ પંચાયત માણસા ખાતે રાત્રે ૮ કલાકે 'ચૂડી ચાંદલો' નાટક યોજવામાં આવશે. તા. ૭મી ઓકટોબરે કલોલ તાલુકાના પાનસર ગામે રાત્રે ૮ કલાકે નશાબંધી નાટક અને યુવા સંમેલન યોજાશે. અને દહેગામની ડૉ. બી.આર. આંબેડકર નર્સિંગ કોલેજમાં તા. ૮મી ઓકટોબરે સવારે ૧૧ કલાકે વ્યસન મુક્તિ પર સ્લાઈડ શો, નશાબંધી અંગે ચર્ચા, વ્યસન મુક્તિ વક્તવ્ય યોજાશે અને નશાબંધી સપ્તાહની પૂર્ણાહુતિ યોજવામાં આવશે.

નશાબંધી સપ્તાહ વર્ષ-૨૦૧૨ની ઉજવણીનો હેતુ સ્પષ્ટ કરતા આઈ.એસ. પી. સ્વરૂપે જણાવ્યું છે કે, આ કાર્યક્રમ લોક જાગૃતિ કેળવવાનો છે તેમજ માદક દ્રવ્યો, માદક પીણા જેવા અનિષ્ઠો સામે માનવ સમાજ સજાગ બને અને માનવ સમાજ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે પ્રગતિ કરે તે છે.

ગાંધીનગરમાં આતંક મચાવનાર ત્રણ રીઢા ઘરફોડીયા ઝડપાઈ ગયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ધોળે દિવસે ઘરફોડને અંજામ આપનાર અને ગ્રામ્ય વિસ્તારોમાં કેબલ ચોરી કરી તરખાટ મચાવી મુકવાન ત્રણ રીઢા ઘરફોડીયાઓને ઝડપી પાડવામાં ગાંધીનગર એલ.સી.બી. પોલીસને સફળતા મળી છે. આર.આર.સેલ.ના માર્ગદર્શન હેઠળ બાતમીને આધારે ગાંધીનગરના ખ-માર્ગ પરથી રિક્ષા લઈને પસાર થતી ત્રીપુટીને ખ-૩ સર્કલ પાસેથી એલ.સી.બી.ની ટીમે ઝબ્બે કરી લઈ સઘન પુછપરછ કરતાં ગાંધીનગરની ધોળા દિવસે ૧૮ ઘરફોડ ચોરી અને ૨૫ કેબલ વાયર ચોરી મળીને ૪૩ થી વધુ ગુનાઓ આચર્યા હોવાની ત્રીપુટીએ સનસની કબુલાત કરી લીધી છે. જેમાં ઘરફોડનો ૨૪ હજારની કિંમતનો મુદ્દામાલ પણ પોલીસે રીકવર કરીને રિઢા ઘરફોડીયાઓના રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી. સમશેરસિંઘની સુચનાથી એલ.સી.બી. પોલીસે તેઓને પકડીને આર.આર.સેલ.ના પી.એસ.આઈ. એલ.પી. બોડાણા તથા સ્ટાફ અને ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમાર અને તેમના સ્ટાફે બાતમી મેળવીને ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ ચોરીઓ કરીને આતંક મચાવનાર ત્રણ શખ્સોને ખ-૩ સર્કલ પાસેથી રિક્ષામાં જતાં હતા તે દરમ્યાન ઝડપી પાડ્યા હતા.

ત્રણેય શકમંદોની પુછપરછ કરતાં ગાંધીનગર ગોકુલપુરાનો લક્ષામણ ઊર્ફે બકો કેસાજી મારવાડી, જીલુજી અંબાલાલ ઠાકોર અને કડીના સુરજ વિસ્તારનો ભાઈલાલ આત્મારામ ઠાકોર હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસેથી મળી આવેલો મોંઘાદાટ બ્લેકબેરી મોબાઈલ તથા નોકીયા મોબાઈલ અને રોકડ સંદર્ભે ઊંડાણપૂર્વક પુછપરછ કરવામાં આવતા ઘરફોડ ચોરીમાં બ્લેકબેરી આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ત્રણેય શખ્સોની ધરપકડ કરીને સઘન પુછપરછ કરવામાં આવતા એક પછી એક ઘરફોડ ચોરીની સ્ફોટક વિગતો બહાર આવી હતી. ત્રણેય શખ્સોએ તેમના સાગરીત અમશીજી મણાજી ઠાકોર સાથે મળીને ગાંધીનગર શહેરમાં ધોળે દિવસે ૧૮ ઘરફોડ ચોરી અને કલોલ, માણસા વિસ્તારમાંથી અત્યાર સુધીમાં ૨૫ જેટલા કેબલવાયર ચોરીના ગુનાઓ

● અનુસંધાન પાના-૭ પર

નશાબંધી સપ્તાહ ઉજવણીનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામની માણેકબા શ્રી અધ્યાપન મંદિર, પી.ટી.સી. કોલેજ તથા નશાબંધી અને આબકારી ખાતુ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે નશાબંધી સપ્તાહની ઉજવણીનો ઉદઘાટન સમારંભ ગાંધીજયંતિના દિવસે સવારે ૧૧ કલાકે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ તરીકે પૂર્વ કમિશનર, આઈ.પી.એસ. એમ.ડી. મીના અને અતિથિ વિશેષ તરીકે નિવૃત્ત પોલીસ અધિક્ષક બી.એસ. વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નશીલા કેફી દ્રવ્યોનું સેવન ન કરવા તથા નશાબંધીનો ચુસ્ત અમલ કરવા યુવાનોને અપીલ કરી હતી.

શિશુવિહાર બુધસભા

ગાંધીનગર, તા. ૨

શિશુવિહાર બુધસભાના ઉપક્રમે તા. ૩જી ઑકટોબરે સવારે આઠ વાગે શ્રી ઉદય ભવલકરનું ધ્રુપદ ગાયનનો કાર્યક્રમ તથા દર બુધવારે મળનારી કવિઓની બેઠકમાં સ્વ શ્રી તનસુખરાય ઓઝાને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ સાંજે વાનપ્રસ્થ ભવનમાં યોજાશે.

શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળ સે. ૭-ડીની ડીરેક્ટરીનો વિમોચન સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-ડીની શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળની સંયુકત ડીરેક્ટરીનો વિમોચન કાર્યક્રમ તાજેતરમાં ચૌધરી શાળાના હોલમાં વિશાળ જનમેદનીની હાજરીમાં યોજાઈ ગયો. ડીરેક્ટરીનું વિમોચન ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાના શુભહસ્તે કરવામાં આવ્યું હતું.

શહેરીજન સંસ્થા અને નિવૃત્ત અધિકારી મંડળ સેક્ટર-૭-ડીના સંયુકત પ્રયાસોથી સેક્ટર-૭-ડીના તમામ રહેવાસીઓને આવરી લેતી ૨૦૧૨ની ડિરેકટરીનું વિમોચન મુખ્ય મહેમાન કૃષ્ણકાન્ત જહા તથા મુખ્ય અતિથિ કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ અને પ્રમુખ જયંતભાઈ ભટ્ટે તેમજ સંસ્થાના અન્ય પદાધિકારીઓના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સદ્‌વાંચન દ્વારા થઈ હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય જયંતભાઈ ભટ્ટે આપી હતી. સપ્ટેમ્બર માસમાં જન્મ દિન આવતા હોય તેવા સભ્યોને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું તથા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. મુખ્ય મહેમાન કૃષ્ણકાન્તભાઈ જહા અને કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલે આ પ્રસંગે મનનીય વક્તવ્યો આપ્યા હતા. કાર્યક્રમના અંતે કે.ઓ. વ્યાસે આભાર વિધિ કરી હતી અને ડીરેકટરીની તૈયારી કરવામાં સહયોગી સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

ભારે અવરજવરવાળા વિસ્તાર એવા ચિલોડા સર્કલ પાસે થોડાક દિવસ પહેલા દબાણ ટીમે ત્રાટકી દબાણ સાફ કરાવી દીધું હતું અને માર્ગો ખુલ્લા કરાવી દીધા હતા તે પછી અચાનક જ એક બિલ્ડરે સાદરા જતા માર્ગ પર દબાણ મુકત થયેલી જગ્યા પર ફોલ્ડીંગ દિવાલો લગાવવાનું શરૂ કરતા ભારે ઉહાપોહ મચી ગયો હતો. ફોલ્ડીંગ દિવાલો બનાવવાનો વિરોધ થતાં આખરે બિલ્ડરે તે કામ પડતું મુકયું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૩૨

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦
કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫
હિરોઈન : ૩.૪૫
ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦
બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
હિરોઈન : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦
રેસીડેન્ટ ઈવીલ પઃ રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦
: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦
હિરોઈન : ૭.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કમાલ ધમાલ માલામાલઃ ૧૦.૩૦, ૧૦.૩૦
ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલઃ ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
બર્ફી : ૧.૧૫, ૭.૦૦

વિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આજે કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્રોતો ઉભા થવાની સંભાવના છે.

વૃષભ : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે. વેપારમાં રોકાણ માટે સમય સારો નથી.

કર્ક : વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

કન્યા : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાંભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શકયતાઓ રહેલી છે.

ધન : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.આજે શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. લીલાબેન નાથીભાઈ રબારી (ઉ.વ. ૭૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રણજીતસિંહ ભવાનજી વાઘેલા (ઉ.વ. ૫૨) પ્લોટ નં. ૫૩૪/૧, સેકટર-૩સી, ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન બાબુભાઈ જોશી (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૨૭૨/૨, સેકટર-૭બી, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણભાઈ હમીદભાઈ ભરવાડ (ઉ.વ. ૪૬) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. કાશીબેન મણીલાલ ચૌહાણ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૧૫૬/૨, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. ખોડાભાઈ રેવતદાસ પટેલ (ઉ.વ. ૭૧)મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.